# ફુગાવો ઘટતા મોંઘવારીમાં રાહત થશે

નવી દિલ્હી,તા.૧૪

ભારતમાં હોલસેલ પ્રાઈઝ બેઈઝડ્ ફુગાવો (ડબલ્યુપીઆઈ ફુગાવો) જાન્યુઆરી મહીનામાં આઠ મહીનાની નીચી સપાટીએ પહોંચી ગયો છે. જાન્યુઆરી મહીનામાં ડબલ્યુપીઆઈ ફુગાવો ૫.૦૫ ટકાની સપાટીએ પહોંચ્યો છે. ખાદ્યાન ચીજવસ્તુઓની કિંમતમાં ઘટાડો થતાં આની સીધી અસર બજાર પર થઈ છે. સરકારી આંકડામાં આજે આ મુજબની વાત કરવામાં આવી છે. હોલસેલ પ્રાઈઝ્ડ ઈન્ડેક્સ (ડબલ્યુપીઆઈ) વાર્ષિક ફુગાવો અર્થશાસ્ત્રીઓ દ્વારા જે આગાહી કરાઈ હતી તેના કરતા અલગ રહ્યો છે. આ લોકોએ ૫.૮૦ ટકાની વાત કરી હતી. ડિસેમ્બર મહીનામાં હોલસેલ કિંમતો દબાણ હેઠળ રહી હતી. ફુગાવો ૬.૧૬ ટકા રહ્યો હતો. નવેમ્બર મહીનામાં ડબલ્યુપીઆઈ ફુગાવો ૭.૫૨ ટકાની સપાટીએ રહ્યો હતો. ગયા મહીનામાં ખાદ્યાન ચીજવસ્તુઓની કિંમતમાં ૮.૮૦ટકાનો વધારો નોંધાયો છે જે ડિસેમ્બર મહીનામાં ૧૩.૬૮ ટકાના વાર્ષિક વધારાની સામે ખૂબ જ ઓછો છે. ખાદ્યાન ચીજવસ્તુઓની કિંમતમાં ધીમી ગતિએ વધારાની સીધી અસર પણ જોવા મળી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ સપ્તાહની શરૂઆતમાં જ જાન્યુઆરી મહીના માટેના રિટેલ ફુગાવાના આંકડા જારી કરવામાં આવ્યા હતા. જેમાં રિટેલ ફુગાવો ઘટીને બે વર્ષની નીચી સપાટીએ પહોંચ્યો હતો. રિટેલ ફુગાવો ૮.૭૯ ટકાની નીચી સપાટીએ પહોંચ્યો હતો. જ્યારે ડિસેમ્બર મહીનામાં ઔદ્યોગિક ઉત્પાદનમાં ૦.૬ ટકાનો ઘટાડો નોંધાયો હતો. હોલસેલ મુલ્ય ઈન્ડેક્સ મુજબ પ્રાથમિક વસ્તુઓના ફુગાવાનો આંકડો ૬.૮૪ ટકા રહ્યો છે. જ્યારે ફ્યુઅલ અને વિજળીમાં ફુગાવો ૧૦.૦૩ ટકા રહ્યો છે. બીજી બાજુ કન્સ્ટ્રક્શન પેદાશોમાં ફુગાવો નજીવો વધ્યો છે.

ખાંડ અને ખાદ્યાન તેલના ફુગાવામાં નજીવો વધારો થયો છે જેથી આ ફુગાવો ૨.૭૬ ટકા થયો છે. હવે હોલસેલ ફુગાવો અને રિટેલ ફુગાવો એમ બન્નેના આંકડા જારી થઈ ગયા બાદ નવી ચર્ચાઓ શરૂ થઈ છે. આરબીઆઈની નવી પોલીસી રજૂ કરતી વેળા આ આંકડાના આધારે ગણતરી કરવી પડશે.

### ડોલર સામે રૂપિયો મજબુતી સાથે બંધ

ડોલર સામે રૂપિયો આજે ત્રણ સપ્તાહની ઊંચી સપાટીએ બંધ રહ્યો હતો. ડબલ્યુપીઆઈમાં ઘટાડો થતા તેની અસર પણ રૂપિયા પર જોવા મળી હતી. રૂપિયો આજે તેની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યો હતો. સતત બીજા સપ્તાહમાં રૂપિયામાં સુધારો થયો હતો. સ્થાનિક શેરબજારમાં તેજીની અસર પણ જોવા મળી હતી. આ ઉપરાંત હોલસેલ પ્રાઈઝ ઈન્ફ્લેશનમાં અપેક્ષા કરતા વધુ ઘટાડો થતા તેની અસર જોવા મળી હતી. આજે કારોબારના અંતે ડોલર સામે રૂપિયો ૬૧.૯૨૫ની સપાટીએ રહ્યો હતો. રૂપિયો ૨૮મી જાન્યુઆરી બાદ સૌથી ઊંચી સપાટીએ રહ્યો છે. હવે સોમવારના દિવસે રજૂ થનાર બજેટ ઉપર તમામની નજર કેન્દ્રીત થઈ ગઈ છે. સોમવારના દિવસે નાણામંત્રી પી ચિદમ્બરમ વચગાળાનું બજેટ રજૂ કરનાર છે. આગામી નાણાકીય વર્ષ માટે આ બજેટ રજૂ થશે. જેમાં મતદારોને પ્રભાવિત કરવા વધુ ફંડ જારી કરવામાં આવી શકે છે. ટેક્સમાં કાપ પણ મુકવામાં આવી શકે છે. ઉપરાંત નાણાકીય ખાદ્યને ઘટાડવાના પ્રયાસ થશે.



## પહેલી એપ્રિલથી ગેસની કિંમતમાં વધારાના નિર્ણયને પરત ખેંચાશે નહીં

નવી દિલ્હી,તા.૧૪

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની તેમની સામે બિનબંધારણીય એફઆઈઆર દાખલ કરવા બદલ જોરદાર ઝાટકણી કાઢતા પેટ્રોલિયમ પ્રધાન એમ વિરપ્પા મોઈલીએ આજે કહ્યું હતું કે, સરકાર ગેસની કિંમતમાં વધારો કરવાના તેના નિર્ણયથી પીછેહઠ કરશે નહીં. પહેલી એપ્રિલથી ગેસની કિંમતોમાં વધારો અમલી બનાવવામાં આવશે. એક કાર્યક્રમના ભાગરૂપે પત્રકારો સાથે વાતચીત કરતા મોઈલીએ કહ્યું હતું કે, જાહેર અને ખાનગી ક્ષેત્રના નિર્માતાઓ માટે ગેસની કિંમતમાં વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. વ્યાપક વાતચીત અને તમામના અભિપ્રાયના આધારે આ નિર્ણય કરાયો હતો. ગેસની કિંમતમાં વધારા અંગેના નિર્ણય પર કેબિનેટ દ્વારા બે વખત વિચારણા કરવામાં આવી હતી અને બે વખત મંજૂરી આપવામાં આવી છે. નવા રેટ વર્તમાન ૪.૨ ડોલર પ્રતિ મિલીયન બ્રિટીશ થર્મલ યુનિટની સામે ૮-૮.૪ ડોલરની આસપાસ રહે તેવી શકયતા છે. વડાપ્રધાન મનમોહનસિંહ દ્વારા નિમવામાં આવેલી કમિટીના આધાર ઉપર નવા રેટ નક્કી કરવામાં આવનાર છે. મોઈલીના પૂર્વગામી એસ જયપાલ રેડ્ડીની વિનંતી બાદ આ કમિટીની રચના કરવામાં આવી હતી. આ સપ્તાહની શરૂઆતમાં દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલે મોઈલી, રિલાયન્સ ઈન્ડસ્ટ્રી, તેના ચેરમેન મુકેશ અંબાણી સામે પોલીસ ફરિયાદ દાખલ કરવાનો આદેશ કર્યો હતો. દેશમાં ગેસની કુત્રિમ અછત ઉભી કરવા અને કિંમતોમાં આડેધડ વધારો કરવા બદલ પોલીસ ફરિયાદનો આદેશ કરવામાં આવ્યો હતો. તેમણે એમપણ કહ્યું હતું કે, દિલ્હી સરકાર અમારી એપ્લેટ ઓથોરિટી છે. તેમ તેઓ માનતા નથી. દિલ્હી સરકાર દ્વારા જે કંઈપણ પગલા લેવાઈ રહ્યા છે તે ગેરબંધારણિય છે. તેમણે કહ્યું હતું કે, એફઆઈઆર એક સ્પષ્ટ કેસ છે જે બિનજરૂરી રીતે હોવાનું જાણવા મળે છે.રેડ્ડી દ્વારા રંગરાજન કમિટીની રચના કરાઈ હતી.





## કારગિલમાં માઈનસ ૧૭ ડિગ્રી તાપમાન થયું

શ્રીનગર,તા.૧૪

જમ્મુ-કાશ્મીરમાં ફરી એકવાર તીવ્ર ઠંડીનું મોજું ફરી વળ્યું છે. સાથે-સાથે ભારે હિમવર્ષાની આગાહી પણ કરવામાં આવી છે. કારગિલમાં તાપમાન માઈનસ ૧૭ ડિગ્રી નીચે પહોંચી જતા તીવ્ર ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. કાશ્મીર ખીણના અન્ય ભાગોમાં વરસાદ અને હિમવર્ષાની આગાહી કરવામાં આવી છે. બીજી બાજુ રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, ઉત્તરપ્રદેશ, પંજાબમાં પણ ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. શ્રીનગરથી પ્રાપ્ત અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, હવામાન અધિકારીઓના કહેવા મુજબ ગઈકાલે મોડીરાત્રે લેહમાં હિમવર્ષા થઈ હતી. આગામી ૨૪ કલાકમાં પણ હિમવર્ષા યથાવત રીતે જારી રહી શકે છે. જમ્મુ-કાશ્મીરમાં તીવ્ર ઠંડી માટે હિમવર્ષા પણ જવાબદાર છે. જમ્મુ પ્રદેશમાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે. શ્રીનગરમાં લઘુત્તમ તાપમાન માઈનસ ૦.૨ ડિગ્રી થયું છે. જ્યારે ગુલમર્ગમાં માઈનસ ૮.૪ ડિગ્રી, પહેલગામમાં માઈનસ ૫.૭ ડિગ્રી, જમ્મુ શહેરમાં નવ ડિગ્રી તાપમાન થયું છે. લડાખ પ્રદેશમાં લેહ ખાતે માઈનસ ૬.૯ ડિગ્રી તાપમાન થયું છે. હવામાન વિભાગે જણાયું છે કે, શિયાળાના ૪૦ દિવસના અતિકઠોર ગાળાની પૂર્ણાહુતિ થયા બાદ રાજ્યમાં હવામાનની સ્થિતિમાં સુધારો થયો છે. જમ્મુ કાશ્મીરમાં ૪૦ દિવસના સૌથી તીવ્ર શિયાળાના ગાળાને ત્યાંના લોકો ચિલ્લાકાલન તરીકે ગણે છે. આ ગાળો ૩૧મી જાન્યુઆરીના દિવસે પૂરો થયો હતો. માઈનસમાં તાપમાન પહોચી જવાના કારણે ઘણી જગ્યાએ લોકોને બહાર નહીં નિકળવાની ફરજ પડી રહી છે. બીજી બાજુ હિમવર્ષા બાદ ચારેય બાજુ બરફની ચાદર છવાતા અન્ય જગ્યાઓથી આવતા પક્ષીઓની એન્ટ્રી થઈ રહી છે. પ્રવાસીઓની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. દેશના અન્ય ભાગોમાં પણ આવી સ્થિતિ પ્રવર્તી રહી છે.

## વેલિંગ્ટન ટેસ્ટ : ન્યૂઝીલેન્ડ માત્ર ૧૯૨ રનમાં આઉટ

વેલિંગ્ટન,તા.૧૪

વેલિંગ્ટન ખાતે શરૂ થયેલી બીજી ક્રિકેટ ટેસ્ટ મેચના આજે પ્રથમ દિવસે ન્યૂઝીલેન્ડના ૧૯૨ રનના ઓલઆઉટના જવાબમાં રમત બંધ રહી ત્યારે ભારતે બે વિકેટ ગુમાવીને ૧૦૦ રન બનાવી લીધા હતા. આ સાથે જ ભારતીય ટીમે આ ટેસ્ટ મેચમાં પોતાની સ્થિતિ મજબૂત બનાવી દીધી છે. આજે રમત બંધ રહી ત્યારે શિખર ધવન ૭૧ રન સાથે રમતમાં હતો અને તે સતત બીજી ટેસ્ટ સદી તરફ આગળ વધી રહ્યો છે. ધવને ૧૦ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૮૭ બોલમાં આ રન બનાવ્યા હતા. જો કે ભારતે વિજયની વિકેટ બે રનના સ્કોર ઉપર ગુમાવી દીધી હતી. ત્યારબાદ ચેતેશ્વર પૂજારા પણ કોઈ લાંબી ઈનિંગ્સ રમી શક્યો ન હતો અને ૧૯ રન કરીને આઉટ થયો હતો. અગાઉ સવારે ન્યૂઝીલેન્ડની ટીમના બેટ્સમેનો આજે મેદાન ઉપર ટકી શક્યા ન હતા. ઈશાંત શર્મા અને સામીના તરખાટ સામે ન્યૂઝીલેન્ડના બેટ્સમેનોએ શરણાગતિ સ્વીકારી લીધી હતી. ન્યૂઝીલેન્ડના તમામ બેટસમેન માત્ર ૫૨.૫ ઓવરમાં ૧૯૨ રન બનાવી ઓલઆઉટ થઈ ગયા હતા. ન્યૂઝીલેન્ડ તરફથી વિલિયમ્સને સૌથી વધુ ૪૭ રન બનાવ્યા હતા. ભારત તરફથી ઈશાંત શર્માએ શાનદાર બોલિંગ કરીને ન્યૂઝીલેન્ડના બેટ્સમેનોને મુશ્કેલીમાં મૂક્યા હતા. ઈશાંતે ૧૭ ઓવરમાં ૫૧ રન આપીને છ વિકેટ ઝડપી હતી. ઈશાંત શર્માના કેરિયરની સર્વશ્રેષ્ઠ બોલિંગ પૈકી એક તરીકે આને ગણવામાં આવે છે. ન્યૂઝીલેન્ડ વતી વિલિયમ્સન ઉપરાંત કોઈ બેટ્સમેન ટકી શક્યા ન હતા. રોશ ટેલરની જગ્યાએ ટીમમાં આવેલા લાથમે પસંદગીકારોને નિરાશ કર્યા હતા. તે શૂન્ય રનમાં જ આઉટ થયો હતો. આ ઉપરાંત મેક્કુલમ આઠ જ રન બનાવી શક્યો હતો. કેપ્ટન મેક્કુલમે પ્રથમ ટેસ્ટ મેચમાં બેવડી સદી ફટકારી હતી. બે ટેસ્ટ મેચોની શ્રેણીમાં ન્યૂઝીલેન્ડ ૧-૦ની લીડ ધરાવે છે. આજે સવારે ટોસ જીતીને ભારતીય કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ પ્રથમ ફિલ્ડીંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ન્યૂઝીલેન્ડની ટીમમાં નજીવો ફેરફાર કરવામાં આવ્યો હતો. જ્યારે ટીમ ઈન્ડિયાએ કોઈ નવા પ્રયોગ કર્યા નથી.

## મ્યુચ્યુઅલ ફંડ રોકાણકારોને ટેક્સ રાહત આપવાની તૈયારી

નવી દિલ્હી,તા.૧૪

મ્યુચ્યુઅલ ફંડના મૂડીરોકાણકારોને ટેક્સમાં રાહત આપવાની હિલચાલ ચાલી રહી છે. વચગાળાના બજેટમાં આ અંગેની જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. સેબીએ ગુરૂવારના દિવસે મૂડીરોકાણકારોને ધ્યાનમાં લઈને અનેક મહત્વના પગલા લીધા હતા. એકબાજુ સેબીએ લિસ્ટેડ કંપનીઓને નવા કોર્પોરેટ ગવર્નન્સના નિયમોને પાળીને પોતાના અધિકારીઓને વધારે પગાર આપવાથી બચવુ પડશે. બીજીબાજુ મ્યુચ્યુઅલ ફંડ મૂડીરોકાણકારો માટે સેબીએ નવી આશા જગાવી છે. બે લાખ રૂપિયા સુધીના મૂડીરોકાણ ઉપર ટેક્સ રાહત મેળવી શકે છે તેવી આશા જાગી છે. સેબીએ લિસ્ટેડ કંપનીઓને સૂચના આપી છે કે, આ કંપનીઓને એક સેક્સન પ્લાનીંગ ઉપર અમલી બનાવવાની જરૂર પડશે. કર્મચારીઓ માટે વીસીલ બ્લોઅર પોલીસી બનાવવી પડશે. બોર્ડમાં ઓછામાં ઓછા એક મહિલા ડિરેક્ટરને જગ્યા આપવી પડશે. રિલેટેડ પાર્ટી ટ્રાન્ઝેક્સન માટે પબ્લિક શેરહોલ્ડરની મંજૂરી લેવી પડશે અને તમામ ડિરેક્ટરોની કામગીરી પર મુલ્યાંકનની જરૂર પડશે. નવા કોર્પોરેટ ગવર્નન્સના નિયમોને સેબીએ ગઈકાલે લીલી ઝંડી આપી હતી. આ બેઠકમાં નવ લાખ કરોડ રૂપિયાના મ્યુચ્યુઅલ ફંડ ઈન્ડસ્ટ્રી માટે એક લાંબા ગાળાની પોલીસીને પણ મંજુરી આપવામાં આવી હતી અને એવો નિર્ણય કરાયો હતો કે, આવા પ્રોડક્ટમાં બે લાખ રૂપિયા સુધી મૂડીરોકાણ કરનારને ટેક્સમાં રાહત મળવી જોઈએ. બોર્ડ મિટીંગ બાદ સેબીના ચેરમેને કહ્યું હતું કે, ટેક્સ સાથે સંકળાયેલા પ્રસ્તાવને સરકાર પાસે મોકલવામાં આવશે. જ્યારે નવા કોર્પોરેટ ગવર્નન્સ ધારાધોરણ તમામ લિસ્ટેડ કંપનીઓ માટે પહેલી ઓક્ટોબર ૨૦૧૪થી અમલી ગણાશે. સેબી માને છે કે, કેટલીક ભારતીય કંપનીઓમાં સીઈઓના પગાર તેમના સમકક્ષ ગ્લોબલ કંપનીઓના સીઈઓ કરતા પણ વધારે છે.

## ૨૨ ટોલ પ્લાઝા બંધ કરવા મહારાષ્ટ્રના મુખ્યમંત્રી સહેમત

મુંબઈ,તા.૧૪

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણે ૨૨ ટોલપ્લાઝા બંધ કરવા સહમતી દર્શાવી છે. બીજીબાજુ મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરે હજુ પણ આક્રમક મુડમાં દેખાઈ રહ્યા છે. પૃથ્વીરાજ ચૌહાણ ૨૨ ટોલપ્લાઝા તાત્કાલીક રીતે બંધ કરવા તૈયાર થયા છે. બીજીબાજુ માર્ચના પ્રથમ સપ્તાહમાં આચારસંહિતા અમલી બને તે પહેલા નવી પોલીસી રજૂ કરી રહી છે. બે કલાક લાંબી બેઠકમાં વધારે ખાતરી મળ્યા બાદ રાજ ઠાકરેએ કહ્યું હતું કે, તેઓ ૨૧મી માર્ચથી તેમના મોરચાને મોકુફ કરવા તૈયાર થયા છે. પરંતુ જ્યાં સુધી નવી પોલીસી અમલી ન બને ત્યાં સુધી ટોલ ન ચુકવવા નાગરીકોને અપીલ કરીને સરકાર ઉપર દબાણ વધારશે. મુખ્યમંત્રીએ ટોલ વસુલાતમાં ગંભીર અનિયમિતતા હોવાની કબુલાત કરી હતી અને કહ્યું હતું કે, નવી પોલીસીને કેબિનેટની મંજુરીનો ઈન્તજાર છે. એસટી બસને ટોલમાંથી મુક્તિ આપવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, બેસ્ટ માટે પણ આવી જ આશા





રહેલી છે. સરકારને સુપ્રત કરવામાં આવેલી સર્વગ્રાહી પોલીસીમાં લોકલક્ષી પગલાઓ સુચવવામાં આવ્યા છે. જેમાં સિવીક લીમીટથી પાંચ કિલોમીટરના અંતર સુધી જ ટોલબુથની વાત કરવામાં આવી છે. ગુરૂવારની બેઠક બાદ અધિકારીઓએ કહ્યું છે કે, ૨૨ ટોલપ્લાઝા બંધ કરવા મુખ્યમંત્રી તૈયાર થયા છે.

રાજ્ય સરકાર નારાજ લોકોના હિતમાં ટોલબુથ ખરીદવા ૫૦૦થી ૬૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરી શકે છે. રાજ ઠાકરે દ્વારા લોકોની તકલીફને દૂર કરવા માટે સરકાર સમક્ષ કેટલાક સૂચનો કર્યા હતા. મુખ્યમંત્રીએ ઠાકરેને વાતચીત કરવા માટે આમંત્રણ આપ્યા બાદ આ બેઠક યોજાઈ હતી. આ બેઠક પરિપૂર્ણ થયા બાદ રાજ ઠાકરેએ તેમના રસ્તા રોકો કાર્યક્રમો બંધ કરવાની જાહેરાત કરી હતી. આ મીટિંગમાં અન્ય ઘણા પાસાઓ ઉપર ચર્ચા થઈ હતી. બીજી બાજુ ભાજપ અને શિવસેનાએ આ તમામ રાજકીય રમતને ચૌહાણ અને ઠાકરે વચ્ચે મેચ ફિકસીંગ તરીકે ગણાવી હતી. તેમના પાર્ટીના આંદોલનને સફળતા મળી છે કે કેમ, તે અંગે પૂછવામાં આવતા ઠાકરેએ કહ્યું હતું કે, અન્ના હજારેએ પણ ટોલ સામે સરકારને પત્ર લખ્યો હતો. પરંતુ ત્યારબાદ અમારી પાર્ટીએ આંદોલન કર્યું હતું. ૬૫ ટોલબુથ બંધ કરવામાં આવી ચુક્યા છે.

## સમાચાર ઝલક

- ગુજરાતમાં ઝડપી નિર્ણયશક્તિથી અમેરિકન ઉદ્યોગજગત પ્રભાવિત.
- તલાટીકમ મંત્રી/હેલ્પ વર્કસની ભરતી પ્રક્રિયાના ભંગ બદલ હાઇકોર્ટમાં અરજી.
- બાંગ્લાદેશની ફિલ્મ સ્ટાર અંજુ ઘોષે જાતીય સતામણીનો કેસ નોંધાવ્યો.
- શાકભાજીના ભાવમાં કડાકો, છતાં છુટકમાં વધારે ભાવ લેવાતો હોવાની બૂમ.
- કાલાવાડમાં રાજપૂત સમાજનાં જાડેજા પરીવારનાં 3 સગા ભાઇઓનું અકસ્માતમાં મોત.
- ચૂંટણી પહેલાં કેજરીવાલ સમગ્ર દેશમાં મોટા કૌભાંડોની પોલ ખોલશે.
- કેળામાં અનિંદ્રા દૂર કરવાની શક્તિ, ઊંઘતા પહેલાં અડધું કેળું ખાવાથી ઊંઘ સારી આવશે.
- રવિવારે એસ.ટી.માં અસંખ્ય રૂટોમાં અફડાતફડી મચે તેવી શક્યતા.
- આચાર સંહિતાની રાહમાં કામો ટલ્લે ચડાવતાં સરકારી બાબુઓ.
- ૧લી એપ્રિલથી વાહનોનાં થર્ડ પાર્ટી વિના પ્રિમિયમમાં ઘરખમ વધારો થશે.
- કુંકાવાવના તાલુકા વિકાસ અધિકારી લાંચના છટકામાં સપડાયા.
- વધારે પ્રમાણમાં સોફ્ટડ્રિંક શ્વાસની સમસ્યા સર્જી શકે છે.
- દિલ્હી રાજય જનલોકપાલ બીલ વિવાદાસ્પદ બન્યું, કોર્ટમાં પડકારાયું.
- ભૂખમરા વચ્ચે ભારતમાં બે લાખ ટન અનાજનો બગાડ : ફુડ કોર્પોરેશનની કબૂલાત.
- રાજકોટમાં એડવોકેટ પત્નીની હત્યા, પતિ શંકાનાં દાયરામાં.
- ધો.૧૨ની વિજ્ઞાનપ્રવાહની પરીક્ષામાં વિદ્યાર્થીઓનો જંગી વધારો.
- બી.એસ. એફ દ્વારા મહિલા સૈનિકોને સરહદ પર મુકાશે.
- વેલેન્ટાઇન ડે નિમિત્તે બજારો ગુલાબનાં ફૂલોથી ઉભરાયા.
- સુરંગકાંડ જેવાં બનાવો રોકવા સાબરમતી જેલમાં ૪૮૦ સી.સી.ટીવી કેમેરા ગોઠવાયા.
- કાચી કેરીનું ગુજરાતમાં આગમન, કિલો દીઠ રૂપિયા 300 નો ભાવ.
- બ્રિટનમાં પ્રચંડ વાવાઝોડાથી જનજીવન અસ્તવ્યસ્ત.
- રાજયભરમાં રેતીની ૨૮૮૭ લીઝ બંધ કરવા હાઇકોર્ટનો આદેશ.

## એપલ લાર્જ સ્ક્રીન આઈફોન લોન્ચ કરવા માટેની તૈયારીમાં

છેલ્લા વર્ષમાં હેન્ડસેટના વેચાણમાં સૌથી ઓછો વધારો થયા બાદ મહાકાય કંપની એપલની મુશ્કેલી પણ વધી રહી છે. આવા સમયમાં એપલ દ્વારા પણ પોતાના માર્કેટને જાળવી રાખવા તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. એપલ હવે વર્ષ ૨૦૧૪માં લાર્જ સ્ક્રીન આઈફોન અથવા તો મોટી સ્ક્રીન વાળા આઈફોન લાવવાની તૈયારીમાં છે. જો કે કેલિફોર્નિયામાં હેડક્વાર્ટર ધરાવનાર કંપની તેના ચાર ઈંચના સ્ક્રીન મોડલને પરત ખેંચશે નહીં. એપલને હાલમાં જ સૌથી ભારે નુકસાન થયું છે. રિસર્ચ કંપની આઈબીસીનું કહેવું છે કે ઓક્ટોબર-ડિસેમ્બરના ત્રિમાસિક ગાળામાં સૌથી ઓચો પોઝિટિવ ગ્રોથ ૬.૭ ટકાનો નોંધાયો છે. ૨૦૧૩ના કેલેન્ડર વર્ષમાં એપલે તેના સ્માર્ટ ફોન ઓપરેટીંગ સિસ્ટમના ૭૯૩.૬ મિલિયન યુનિટ વેચ્યા હતા જે ૨૦૧૨માં વેચવામાં આવેલા ૫૦૦.૧ મિલિયનની સામેનો આંકડો છે. સ્માર્ટ ફોન ઓપરેટીંગ સિસ્ટમ સાથે સંબંધિત સ્માર્ટ ફોનના શિપમેન્ટ ગયા વર્ષે ઓક્ટોબર-ડિસેમ્બરમાં ૫૧ મિલિયન યુનિટ રહ્યા છે જે એક વર્ષ અગાઉના ગાળામાં ૪૭.૮ મિલિયન હતા.

૨૦૧૨માં એપલ સ્માર્ટ ફોન ઓપરેટીંગ સિસ્ટમ શિપમેન્ટમાં ૪૬ ટકા સુધીનો વધારો થયો હતો અને આંકડો ૧૩૫.૯ મિલિયન યુનિટ રહ્યો હતો જે ૨૦૧૧માં ૯૩.૧ મિલિયન યુનિટનો હતો. રિસર્ચ કંપનીઓનું કહેવું છે કે એપલ ૨૦૧૪માં લાર્જ સ્ક્રીન આઈફોન લાવશે પરતુ અગાઉના મોડલના ચાર ઈંચ વાળા સ્ક્રીન વર્ઝન પણ ચાલુ રહેશે. સ્માર્ટ ફોનના માર્કેટમાં હમેશા વધારો થતો રહ્યો છે.

## દેશના મોટાભાગના વિસ્તારોમાં મોદી મોજું ફળી વળ્યું છે

નવી દિલ્હી,તા.૧૪

લોકસભા ચૂંટણીની પહેલા ભાજપ માટે ખૂબ જ રાહતજનક સમાચાર છે. એક અગ્રણી ટીવી ચેનલ દ્વારા કરવામાં આવેલા નવા સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે દેશના મોટાભાગના વિસ્તારોમાં હાલ નરેન્દ્ર મોદી લહેર જોવા મળી રહી છે. અને નરેન્દ્ર મોદી લહેરનો સીધો ફાયદો ભાજપને થશે. બીજી બાજુ કોંગ્રેસને હજુ સુધીની સૌથી મોટી હારનો સામનો કરવો પડશે. કોંગ્રેસ પાર્ટીને ત્રણ આંકડામાં પણ બેઠકો મળશે નહીં. ટાઈમ્સ નાઉ સી વોટર અને ઈન્ડિયા ટીવીના રાષ્ટ્રવ્યાપી નવા સર્વેમાં આ મુજબની બાબત સપાટી ઉફર આવી છે. સર્વેના આંકડા પરથી સાબિત થાય છે કે નરેન્દ્ર મોદી અટલ બિહારી વાજપેયીનો રેકોર્ડ તોડી શકે છે. વાજપેયીના નેતૃત્વમાં લડવામાં આવેલી ચૂંટણી કરતા પણ વધુ વોટ ભાજપને મળી શકે છે. સર્વેમાં સાફ શબ્દોમાં જણાવવામાં આવ્યું છે કે જો હાલમાં ચૂંટણી યોજાઈ જશે તો દેશભરમાં એનડીએને ૨૨૭ બેઠકો મળી રહી છે જ્યારે યુપીએના ખાતામાં માત્ર ૧૦૧ બેઠકો જઈ રહી છે. જ્યારે અન્યોને ૨૧૫ સીટો મળી શકે છે. ગયા વર્ષે ઓક્ટોબર મહિનામાં એનડીએને ૧૮૬, પુયીએના ૧૧૭ અને અન્યોને ૨૪૦ બેઠકો મળવાનો અંદાજ મૂકવામાં આવ્યો હતો. મતલબ એ થયો કે અન્ય અને કોંગ્રેસને ફટકો આપીને ભાજપે મોટો કૂદકો લગાવ્યો છે. આમ આદમી પાર્ટીનો લોકસભા ચૂંટણીમાં ફ્લોપ શો રહે તેવી શક્યતા છે. તેને માત્ર ૭ બેઠકો જ મળી શકે છે. દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર દેખાવ કરનાર યુપીએને ફટકો પડી શકે છે.દિલ્હીમાં કોંગ્રેસને લોકસભામાં મોટો ફટકો પડશે. તેને એક પણ સીટ ન મળે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ભાજપને ચાર અને એએપીને ત્રણ બેઠકો મળી શકે છે. ઉત્તર પ્રદેશમાં ૮૦ પૈકી સૌથી વધારે ૩૪ સીટ ભાજપને મળી શકે છે. ૨૦૦૯ની ચૂંટણીમાં ભાજપને માત્ર ૧૦ બેઠકો મળી હતી. બસપને ૨૧ અને સમાજવાદી પાર્ટીને ૨૦ સીટો મળી શકે છે. ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસને છેલ્લી વિધાનસભાની ચૂંટણીમાં ૨૧ બેઠકો મળી હતી જેની સરખામણીમાં આ વખતે માત્ર ચાર બેઠકો મળી શકે છે. ઉત્તરાખંડમાં પણ કોંગ્રેસના સૂપડા સાફ થઈ શકે છે. અહીં ગયા વખતે કોંગ્રેસને પાંચ બેઠકો મળી હતી. આ વખતે આ પાંચે સીટો ભાજપના ખાતામાં જઈ શકે છે. હરિયાણામાં ૧૦ પૈકી ભાજપને છ બેઠકો મળી શકે છે. બિહારમાં ૪૦ પૈકી ભાજપને ૨૧ બેઠકો મળી શકે છે. નિતીશકુમારને મોટો ફટકો પડી રહ્યો છે. કોંગ્રેસનો દેખાવ આસામ અને કર્ણાટકમાં યોગ્ય રહી શકે છે. મોદીના નેતૃત્વમાં ભાજપનો સપાટો સ્પષ્ટપણે રહેશે.